## ફીટ ઇન્ડિયા કાર્યક્રમ














તા.૦૧/૦૪/૨૦૨૩ને શનિવારના રોજ સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ ખેરગામ,જિ.નવસારી ખાતે કોલેજની IQAC કમિટીનાં માર્ગદર્શન હેઠળ “G20-Y20” નિમિત્તે આચાર્ય ડૉ.એસ.એમ.પટેલનાં અધ્યક્ષપણા હેઠળ “Climate Change” વિષય સંદર્ભે ઓફલાઈન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જે નિમિત્તે કોલેજના વિજ્ઞાન પ્રવાહમાં ભૌતિકશાસ્ત્ર વિષયમાં ફરજ બજાવતા પ્રા.પ્રિયંકાબેન થોરાતે વિષય અનુસંધાને વિદ્યાર્થીઓને જણાવ્યું કે “આબોહવામાં પરિવર્તન એ શું છે? શેના કારણે થાય છે અને એના માટે જવાબદાર પરિબળો ક્યા છે તે બાબતે અને તેના

નિવારણ માટેના ઉપાયોની ચર્ચાઓ કરી કેમકે આબોહવા ઋતુઓ પર ખૂબજ મોટી અસર કરે છે તેમજ કમોસમી વરસાદ અત્યંત ગરમી અને ઠંડીની અસર સમગ્ર માનવજીવન અનુભવી રહ્યું છે આ માનવ સર્જિત બાબત હોવાથી એનો ઉપાય આપણા હાથમાં છે. પ્રદૂષણ ઘટાડવા સાઈકલ જેવા ઇંધણ રહિત વાહનોનો ઉપયોગ ત્વરિત ધોરણે થવો જોઈએ સાથે સાથે માનવજીવનને બચાવવા માટે પ્રાકૃતિક ખેતીને પ્રાધાન્ય આપવું જોઈએ" એ બાબત પર ખાસ ભાર આપ્યો હતો. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના સફળ નેતૃત્વમાં 'G20'નું યજમાન પદ ભારત જ્યારે કરી રહ્યું છે **"वसुधैव कुटुंब्कम"** ની થીમ પર ભારત જ્યારે આગળ ડગલાં માંડી રહ્યું છે ત્યારે વિશ્વના કલ્યાણ માટે ગ્લોબલ વોર્મિંગ અને ગ્રીન હાઉસ અસર જે આબોહવા ને પ્રતિકૂળ બનાવે છે ત્યારે માનવજાતને ઉગારવા માટે અને પૃથ્વીને બચાવવા માટે શક્ય તેટલા પ્રયત્નો આપણે કરવા જ જોઈએ. યોગ ગુરૂ ભારત પાસે અમાપ યુવા શક્તિ છે તેનો ઉપયોગ વિશ્વ કલ્યાણ અર્થે થવો જોઈએ.

તા.૦૧/૦૪/૨૦૨૩ને શનિવાર, "Climate Change" વિષય સંદર્ભે ઓફલાઈન સેમિનાર






## ભૂતપૂર્વ વિદ્યાર્થી-વાલી સંમેલન અને ૩૦મો વાર્ષિકોત્સવ અને ઇનામ વિતરણ સમારંભમાં

તા.૨૭/૦૨/૨૦૨૩ સોમવારનાં રોજ ૩૦માં ભૂતપૂર્વ વિદ્યાર્થી-વાલી સંમેલન અને વાર્ષિકોત્સવ અને ઇનામ વિતરણ સમારંભમાં ઉપસ્થિત મહેમાનો



ભૂતપૂર્વ વિદ્યાર્થી-વાલી સંમેલન અને વાર્ષિકોત્સવ અને ઇનામ વિતરણ સમારંભનું ઉદઘાટન કરતાં નવસારી જીલ્લા પંચાયત પ્રમુખ શ્રી ભીખુભાઈ આહીર, આચાર્યશ્રી ડો.એસ.એમ.પટેલ સાહેબ તથા ઉપસ્થિત મહેમાનો




દીપ પ્રગટાવતા આચાર્યશ્રી ડો.એસ.એમ.પટેલ સાહેબ અને વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરતાં વિદ્યાર્થીઓ

યુનિ.પરીક્ષામાં કોલેજ કક્ષાએ જુદા જુદા વિષયોમાં પ્રથમ નંબર લાવનાર વિદ્યાર્થીઓને શિલ્ડ અને પ્રમાણપત્ર એનાયત કરતા આવેલ મહાનુભાવો અને આચાર્ય શ્રી ડૉ.એસ.એમ.પટેલ








